## કોડીનાર તાલુકાના છાછર ગામ ખાતે કિસાન ગોષ્ઠી યોજાઈ



કોડીનાર તાલુકાના છાછર ગામે આત્મા પ્રોજેક્ટ તેમજ કેવીકેના સહિયારા પ્રયાસથી ખેડુતોને પ્રાકૃતિક ખેતિ અપનાવવા માટે તેમજ જીવામૃત વગેરેનો ઉપયોગ કરવાથી ખેતિમાં થતા ફાયદાઓ વિશે ઉંડાણપૂર્વક માહિતી આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં છાછર તેમજ આસપાસના ગામના ખેડુતોએ હાજરી આપી હતી.

## કેવીકે દ્વારા ''વંદે માતરમ્'' ના ૧૫૦ વર્ષ પૂર્ણ થયાની ઉજવણી



૨૦૨૫માં વંદે માતરમ્‌ના ૧૫૦ વર્ષ પૂર્ણ થયાની ખુશીમાં કેવીકે દ્વારા ૭ નવેમ્બર, ૨૦૨૫ના રોજ ૨૦ લોકોની ઉપસ્થિતીમાં આ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. તેમજ કાર્યક્રમના અંતે ''વંદે માતરમ્'' નું સમુહગાન કરવામાં આવ્યુ હતુ.

## કેવીકે દ્વારા જમીન આરોગ્ય દિવસની ઉજવણી



કેવીકે દ્વારા જમીન આરોગ્ય દિવસની ઉજવણીના ભાગરૂપે ૧ થી ૫ ડિસેમ્બર દરમિયાન ગીર સોમનાથ તેમજ જૂનાગઢ જિલ્લાના વિવિધ ગામોમાં થઈને ૧૦૯ જેટલા ખેડુતો સહભાગી થયા હતા. જેમાં કે.વી.કેના વૈજ્ઞાનિકશ્રીઓ દ્વારા જમીન ચકાસણીનું મહત્વ, જમીનમાં સેન્દ્રિય કાર્બન અને તેને વધારવા માટેના ઉપાયો, પ્રાકૃતિક ખેતિ તેમજ તેના વિવિધ આયામો વિશે વિસ્તૃતમાં માહિતી આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ૩૦ જેટલા ખેડુતોને જમીન આરોગ્ય પત્રકનું વિતરણ કરવામાં આવેલ હતુ.

## કેવીકે ખાતે રાષ્ટ્રીય ખેડુત દિવસની ઉજવણી



કેવીકે ખાતે કિસાન દિવસ નિમીતે કિસાન સન્માન તેમજ વિકસિત ભારત જી-રામ-જી બીલ ૨૦૨૫ વિશે ખેડુતોમાં જાગૃતિ આવે તે હેતુથી કેવીકે તેમજ આત્મા પ્રોજેક્ટ-ગીર સોમનાથ સાથે મળીને કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં માનનીયશ્રી શિવરાજસિંહ ચૌહાણ, કૃષિ અને કિસાન કલ્યાણ મંત્રીશ્રી ભારત સરકારે લાઈવ ઉદબોધન કર્યુ હતુ. કેવીકે ખાતે આ કાર્યક્રમમાં શ્રી જીતુભાઈ પરમાર, પ્રમુખ-તાલુકા પંચાયત કોડીનાર, શ્રી વિશાલભાઈ ગાધે, ઉપપ્રમુખ-તાલુકા પંચાયત કોડીનાર, શ્રી ડી.બી. વઘાસીયા, જનરલ મેનેજર-અંબુજા ફાઉન્ડેશન, ડૉ.પી. કે. સ્વર્ણકાર, નાયબ ખેતિ નિયામક (તાલીમ) વ પ્રોજેક્ટ ડારેક્ટર-આત્મા ગીર સોમનાથ, શ્રી કુલદીપભાઈ સોજીત્રા, નાયબ બાગાયત નિયામક-ગીર સોમનાથ, શ્રી વિમલભાઈ પટેલ, જિલ્લા ખેતિવાડી અધિકારી-ગીર સોમનાથ વગેરે મહેમાનશ્રીઓએ હાજરી આપી હતી. તેમજ કેવીકેના વૈજ્ઞાનીકશ્રીઓએ કૃષિ સંલગ્ન વિવિધ માહિતી આપી હતી. તેમજ કેવીકેના કાર્યક્રમના અંતે સ્વચ્છતા અભિયાન અંતર્ગત સ્વચ્છતા પ્રતિજ્ઞા પણ લીધી હતી. આ કાર્યક્રમમાં ૩૬૬ જેટલા ખેડુત ભાઈઓ/બહેનોએ હાજરી આપી હતી.

## કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા માનનીય પ્રધાનમંત્રીશ્રીના ઉદ્‌બોધનનું જીવંત પ્રસારણનું આયોજન



માનનીય પ્રધાનમંત્રીશ્રી દ્વારા પુસા (નવી દિલ્હી) ખાતેથી ધન-ધાન્ય કૃષિ યોજના અને રાષ્ટ્રીય કઠોળ મીશનનું લોકાપર્ણ કરવામાં આવ્યુ હતુ. આ કાર્યક્રમમાં ૧૦,૦૦૦ ખેડુત ઉત્પાદક સંગઠનમાં ૫૦ લાખ ખેડુત સભાસદોનો સીમાચિહ્ન હાંસલ કરવાની માન્યતા પણ જોવા મળી હતી. કેવીકે ખાતે આ સમગ્ર કાર્યક્રમનું તેમજ શ્રી રાઘવજીભાઈ પટેલ, કેબીનેટ મંત્રી શ્રી-ગુજરાતના ઉદબોધનનુ જીવંત પ્રસારણ યોજાયુ હતુ. જેમાં શ્રી ઉમાશંકર ચૌધરી, સી.પી. એમ. એ.સી.એલ- અંબુજાનગર, શ્રી દેવેન્દ્ર ચૌહાણ, એન્વાર્યમેન્ટ હેડ- અંબુજાનગર, શ્રી ડી.બી. વઘાસીયા, જનરલ મેનેજર-અંબુજા ફાઉન્ડેશન, ડૉ. પુષ્પકાંત સ્વર્ણકાર, પ્રોજેક્ટ ડાયરેક્ટર આત્મા-ગીર સોમનાથ, શ્રી કુલદીપ સોજીત્રા, નાયબ બાગાયત નિયામક-ગીર સોમનાથ, શ્રી કુલદીપ ડોડીયા, ખેતીવાડી અધિકારી- ગીર સોમનાથ વગેરે મહેમાનશ્રીઓએ આ કાર્યક્રમમાં હાજરી આપી હતી.જેનો લાભ ૨૮૮ જેટલા ખેડુત ભાઈ-બહેનોએ લીધો હતો.

## કેવીકેની મુલાકાતે આવેલા વિદ્યાર્થીઓમાં ખેતી વિશે માહિતી આપી

વિદ્યાર્થીજીવનથી જ બાળકોમાં કૃષિ અને તેને સંલગ્ન ક્ષેત્રમાં રૂચી જાગે તેમજ કૃષિક્ષેત્રે આવનારા ભવિષ્યમાં રહેલી તકો વિશે અને ખાસ કરીને પ્રાકૃતિક ખેતિની આવનારા સમયમાં જરૂરીયાત વિશે કેવીકેના વિષય નિષ્ણાંતો દ્વારા જાગૃતિ લાવવામાં આવી હતી. તેમજ કૃષિનું આપણા જીવનમાં તેમજ દેશના વિકાસમાં રહેલ મહત્વ વિશે ઉંડાણપૂર્વક માહિતી અવાર-નવાર જુદી જુદી શાળાઓના અંદાજીત ૧૯૫થી વધારે વિદ્યાર્થીઓને કેવીકેની મુલાકાત દરમિયાન માહિતી આપવામાં આવી.




## લોકવાણી રેડીયો ૯૦.૪એફએમ દ્વારા થયેલ ગતિવિધી




જુલાઈથી ડીસેમ્બર, ૨૦૨૫ દરમીયાન કોમ્યુનિટી રેડીયો સ્ટેશન, લોકવાણી દ્વારા ખેતિ અને સંલગ્ન વિષયો અંતર્ગત ૮૫૬ પ્રોગ્રામ પ્રસારિત કરવામાં આવ્યા છે. આ ૬ મહિનામાં ૧૩ નવા પ્રોગ્રામ બનાવવામાં આવ્યા છે. જુનથી ડીસેમ્બર, ૨૦૨૫ દરમીયાન અલગ-અલગ સ્કુલના ૧૯૫ વિદ્યાર્થીઓએ રેડીયો સ્ટેશનની મુલાકાત લઈ માહિતી મેળવી છે. સોમનાથ ઈન્ટરનેશનલ સ્કુલ, કોડીનારના ૨૬ વિદ્યાર્થીઓ કોમ્યુનિકેશન અને માસ મીડીયા કેવી રીતે કામ કરે છે તે સમજવા માટે આવ્યા હતા. તથા ૨ ટીમ દ્વારા ડીબેટનો કાર્યક્રમ પણ ગોઠવવામાં આવ્યો હતો. આ સમયગાળા દરમ્યાન જુદા-જુદા ગામના ૩૪૭ જેટલા ખેડુતો-ખેત મહિલાઓએ લોકવાણી રેડીયો સ્ટેશનની મુલાકાત લીધી હતી. રેડીયો સ્ટેશન પ્રેક્ટીકલી કેવી રીતે કામ કરે છે તેની સમજણ આપવામાં આવી હતી, ૯૦.૪ એફએમ રેડીયો પોતાના મોબાઈલ અથવા રેડીયો દ્વારા સાંભળી શકાય છે. તેનો પ્રસારણ સમય સવારે ૮:૦૦ થી ૧૨:૦૦ અને પૂનઃપ્રસારણ સાંજે ૪:૦૦ થી ૮:૦૦ વાગ્યા સુધીનો છે.

